# એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્ષિસ (ACPC), ગુજરાત રાજ્ય

એલ. ડી. કોલેજ ઓફ એન્જીનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## ધો. ૧૨ (વિ.પ્ર.) પછીનાં ડિગ્રી એન્જીનીયરીંગ અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશ કાર્યક્રમ: વર્ષ ૨૦૨૧-૨૨

ધોરણ ૧૨ (વિજ્ઞાનપ્રવાહ) પછીના ડિગ્રી એન્જીનીયરીંગ અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં પ્રથમ વર્ષ પ્રવેશ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો માટે વેબ આધારિત ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. જે અન્વયે ઉપલબ્ધ બેઠકોમાં સરકારની અને ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાની તમામ બેઠકો તથા સ્વનિર્ભર સંસ્થાની માન્ય બેઠકોની ૫૦% બેઠક અને મેનેજમેન્ટ બેઠકોની સુપ્રત કરેલ બેઠકોનો સમાવેશ થાય છે. પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઈન્ટરનેટ દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજીયાત છે. ઈન્ટરનેટ સુવિધા ન ધરાવતા ઉમેદવાર કોઈપણ ચાર્જ ભર્યા વિના પ્રવેશ સમિતિ દ્વારા નિયુક્ત સાયબર સ્પેસ સેન્ટર્સ (સૂચિ વેબસાઈટ પર ઉપલબ્ધ છે) પર રજીસ્ટ્રેશનની સુવિધા મેળવી શકશે.

**પ્રવેશની લાયકાત:**

**[A] સરકારી તથા અનુદાનિત બેઠકોની માન્ય બેઠકોની ૯૫% બેઠકો અને સ્વનિર્ભર સંસ્થાઓની ૫૦% બેઠકો માટે:** પ્રવેશના નિયમોમાં ઉલ્લેખિત રાજ્ય સ્થિત શાળાઓમાંથી અથવા ઉલ્લેખિત અન્ય જોગવાઈ સાથે લઘુત્તમ લાયકાત સાથે ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરેલ હોય અને ગુજકેટ-૨૦૨૧ની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે.

**[B] સરકારી તથા અનુદાનિત બેઠકોની માન્ય બેઠકોની ૫% બેઠકો:** પ્રવેશના નિયમોમાં ઉલ્લેખિત સમગ્ર દેશમાં (ગુજરાત રાજ્ય સહિત) સ્થિત શાળાઓમાંથી લઘુત્તમ લાયકાત સાથે ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરેલ હોય અને જેઈઈ (મેઈન)-૨૦૨૧ની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તેવા તમામ ઉમેદવારો ઉપરોક્ત બેઠકો માટે લાયક રહેશે.

વધુ વિગતો માટે સમિતિની વેબસાઈટ પર ઉપલબ્ધ ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે પ્રસિદ્ધ કરવામાં આવતા પ્રવેશના નિયમોનો સંદર્ભ લેવો અનિવાર્ય છે.

| લઘુત્તમ લાયકાત અને મેરીટની જોગવાઈ | | | |
|---|---|---|---|
| (૧) | ડિગ્રી ઈજનેરીની વિદ્યા-શાખા / અભ્યાસ-ક્રમ | બાયોમેડિકલ, બાયોટેકનોલોજી, નેનોટેકનોલોજી, ડેરી ટેકનોલોજી, ફૂડ ટેકનોલોજી, રબ્બર ટેકનોલોજી, ટેક્સટાઈલ એન્જીનીયરીંગ, ટેક્સટાઈલ પ્રોસેસીંગ, એગ્રિકલ્ચર એન્જીનીયરીંગ, કેમિકલ અને બાયો-કેમિકલ એન્જીનીયરીંગ, બાયોમેડીકલ એન્ડ રોબોટીક એન્જીનીયરીંગ, કોમ્પ્યુટર સાયન્સ એન્ડ બાયો સાયન્સ, બાયોઈન્ફોર્મેટિક્સ | |
| | લઘુત્તમ લાયકાત | ઉમેદવારે પ્રવેશ લાયકાત માટે ગણિતશાસ્ત્ર/જીવ-વિજ્ઞાન/ભૌતિકશાસ્ત્ર/રસાયણશાસ્ત્ર/કોમ્પ્યુટર સાયન્સ/ઈન્ફોર્મેશન ટેકનોલોજી/ઈલેક્ટ્રોનિક્સ/ટેકનીકલ વોકેશનલ વિષય પૈકી કોઈપણ ત્રણ વિષયમાં ૪૫% માર્કસ (અનાતમ કેટેગરી માટે ૪૦% માર્કસ) સાથે પાસ કરેલી હોવી જોઈએ | |
| | મેરીટની જોગવાઈ | **સરકારી અને અનુદાનિત સંસ્થાઓની ૯૫% બેઠકો અને સ્વનિર્ભર સંસ્થાઓની ૫૦% બેઠકો** | ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર સાથે ગણિતશાસ્ત્ર કે જીવ-વિજ્ઞાનના થીયરી પર્સેન્ટાઈલના ૫૦% અને સંબંધિત વિષયોની ગુજસેટની પરીક્ષાના પર્સેન્ટાઈલના ૫૦% પર મેરીટ બનશે. |
| | | **સરકારી અને અનુદાનિત સંસ્થાઓની ૫% બેઠકો** | JEE (Main) 2021 ના ઓલ ઈન્ડિયા રેન્ક ઉપર મેરીટ બનાવવામાં આવશે. |
| (૨) | ડિગ્રી ઈજનેરીની વિદ્યા-શાખા / અભ્યાસ-ક્રમ | ઉપરોક્ત વિભાગ (૧)માં સમાવેશ કરેલ સિવાયની અન્ય તમામ ડિગ્રી ઈજનેરીની વિદ્યાશાખા / અભ્યાસક્રમ | |
| | લઘુત્તમ લાયકાત | ઉમેદવારે પ્રવેશ લાયકાત માટે ગણિતશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર સાથે રસાયણશાસ્ત્ર/કોમ્પ્યુટર સાયન્સ/ઈન્ફોર્મેશન ટેકનોલોજી/ઈલેક્ટ્રોનિક્સ/ટેકનીકલ વોકેશનલ વિષયમાં ૪૫% માર્કસ (અનાતમ કેટેગરી માટે ૪૦% માર્કસ) સાથે પાસ કરેલી હોવી જોઈએ | |
| | મેરીટની જોગવાઈ | **સરકારી અને અનુદાનિત સંસ્થાઓની ૯૫% બેઠકો અને સ્વનિર્ભર સંસ્થાઓની ૫૦% બેઠકો** | ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના બોર્ડના થીયરી પર્સેન્ટાઈલના ૫૦% અને સંબંધિત વિષયોની ગુજસેટની પરીક્ષાના પર્સેન્ટાઈલના ૫૦% પર મેરીટ બનશે. |
| | | **સરકારી અને અનુદાનિત સંસ્થાઓની ૫% બેઠકો** | JEE (Main) 2021 ના ઓલ ઈન્ડિયા રેન્ક ઉપર મેરીટ બનાવવામાં આવશે. |

**નોંધ:** ઉપરોક્ત જોગવાઈઓ [A] અને [B]ના માપદંડ ધરાવતા ઉમેદવારો ફક્ત એક જ રજીસ્ટ્રેશનથી બંને પ્રકારની બેઠકો પર અરજી કરી શકશે.

**રજીસ્ટ્રેશનની પ્રક્રિયા:**

- ઓનલાઈન રજીસ્ટ્રેશનની પ્રક્રિયા આજરોજ બપોરે ૧૨-૦૦ કલાકથી શરૂ થશે.
- ઓનલાઈન રજીસ્ટ્રેશન અને તેની રજીસ્ટ્રેશન ફી ભરવાની છેલ્લી તા. ૧૬-૮-૨૦૨૧ (સાંજે ૫-૦૦ કલાક) સુધી થઈ શકશે.
- ઉમેદવારે સંબંધિત ડોક્યુમેન્ટ અપલોડ કરીને રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે અને રજીસ્ટ્રેશન ફી (નોન રીફંડેબલ) રૂા. ૩૦૦/- ફક્ત ઓનલાઈન મોડ દ્વારા ચૂકવણી કરવાની રહેશે.
- ઉમેદવારે કોઈપણ ડોક્યુમેન્ટ રૂબરૂ આપવાની અથવા તેની રૂબરૂ ચકાસણી કરાવવા જવાની જરૂર નથી. પ્રવેશ માટેની સંપૂર્ણ પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.
- ઉમેદવારોએ વિવિધ માહિતીઓ, ડોક્યુમેન્ટ ચકાસણી પ્રક્રિયા અને અન્ય માર્ગદર્શિકા માટે પ્રવેશ સમિતિની વેબસાઈટ અને લોગ-ઈન પોર્ટલ દ્વારા સમયાંતરે જોવાનું રહેશે.

| એડમિશન કમિટિ દ્વારા પ્રવેશ પ્રક્રિયા માટે ઉપલબ્ધ સુવિધાઓ | |
|---|---|
| **ઉપલબ્ધ સુવિધાઓ** | **ઉપલબ્ધ પ્રવૃત્તિઓ** |
| **વેબસાઈટ www.gujacpc.nic.in** | ઓનલાઈન રજીસ્ટ્રેશન, રજીસ્ટ્રેશન ફીની ચુકવણી |
| | ચોઈસ ફિલીંગ |
| | પ્રવેશની ફાળવણી, પ્રવેશને કન્ફર્મ કરવું અને પ્રવેશને રદ કરવાની જોગવાઈ (જો જરૂરિયાત હોય તો) |
| | પ્રવેશ કન્ફર્મ કરવા માટે ટોકન ટ્યુશન ફીની ચુકવણી |
| **વેબસાઈટ www.jacpcldce.ac.in** | પ્રવેશ સંબંધિત તમામ સૂચનાઓ, લાયકાત અને મેરીટની જોગવાઈના નિયમો, જાહેરખબરો અને પ્રવેશ પ્રક્રિયાને સંબંધિત તમામ માહિતી |
| | સંસ્થાઓની યાદી અને ઉપલબ્ધ બેઠકોની માહિતી |
| | સાયબર સેન્ટરની યાદી |
| | પ્રવેશનો શિડ્યુલ, કોમન મેરીટની યાદી, કટ-ઓફ માર્કસ, પ્રવેશની ફાળવણીની માહિતી, પ્રવેશ ફાળવણીનું એનાલીસીસ |
| **સાયબર સ્પેસ સેન્ટર** (સમય: સવારે ૧૧ થી ૫ - જાહેર રજાઓ સિવાય) | પ્રવેશ પ્રક્રિયા માટે નિઃશુલ્ક ઓનલાઈન પ્રવેશ સહાય પૂરી પાડવા |
| | પ્રવેશ પ્રક્રિયા સંબંધિત પ્રશ્નો માટે |
| **૨૪x૭ સમયની હેલ્પ લાઈન નંબર** | ૦૭૯-૨૬૫૬૬૦૦૦<br>પ્રવેશ પ્રક્રિયા સંબંધિત પ્રશ્નો માટે |
| **ઉપરોક્ત જણાવેલ સિવાય સમિતિની અન્ય કોઈ વેબસાઈટ નથી.** | |

**નોંધ:** તમામ પ્રવેશ ઈચ્છુક ઉમેદવારો અને તેમના વાલીઓએ પ્રવેશ પ્રક્રિયા અંગેની રોજબરોજની માહિતી માટે સમયાંતરે એસીપીસીની ઉપરોક્ત વેબસાઈટસની મુલાકાત લેવાની રહેશે.

તા. ૨૬/૦૭/૨૦૨૧ **- મેમ્બર સેક્રેટરી**

**Help Line No. : 079-26566000**